Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૯૪૬૯ તા.૧૧/૦૧/૨૦૨૨

**પરિપત્ર- ૨૬૦૬**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો આચાર્યશ્રીઓ/અધ્યાપકશ્રીઓને જણાવવાનું કે, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે તા.૧૯/૦૧/૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી તૃતીય પદવીદાન અને સુવર્ણ ચંદ્રક એનાયત સમારોહનું આયોજન કરેલ છે. આ તૃતીય પદવીદાન અને સુવર્ણચંદ્રક એનાયત સભારંભ તથા સેન્ટર ઓફ એક્સલન્સનો ખાતમૂહર્ત કાર્યક્રમ કોરોના સંબંધિત ગાઈડલાઈન્સ અનુસાર આયોજિત કરવામાં આવેલ છે. જેમાં શ્રીમતિ આનંદીબેન પટેલ, માન. રાજ્યપાલશ્રી, ઉત્તરપ્રદેશ, અધ્યક્ષ અને ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેવાના છે. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે તથા શ્રી જીતુભાઈ વાઘાણી, માન. શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત, મુખ્ય અતિથી તરીકે અને શ્રી કુબેરભાઈ ડિંડોર, માન. શિક્ષણ મંત્રી (રાજ્યકક્ષા, ગુજરાત રાજ્ય) અતિથી વિષેશ તરીકે ઉપસ્થિત રહેવાના છે. જે કાર્યક્રમનું જીવંત પ્રસારણ યુનિવર્સિટીની યુટ્યુબ ચેનલ અને ફેસબુક ચેનલ પર પ્રસારિત કરવામાં આવી રહ્યું છે. જેમાં આપની સંસ્થા/કોલેજ ખાતેના વધુમાં વધુ વિદ્યાર્થીઓ સમારોહનો લાભ લઇ શકે તે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે. યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અને પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓ નીચે જણાવેલ લીંક પરથી સમારોહ જીવંત નિહાળવા જણાવવામાં આવે છે.

**તૃતીય પદવીદાન અને સુવર્ણ ચંદ્રક એનાયત સમારોહ**

તા.૧૯/૦૧/૨૦૨૨, બુધવાર, સવારે ૧૧:૦૦ કલાકે

યુટ્યુબ ચેનલ લીંક: https://youtu.be/-sBmudVLreU

ફેસબુક ચેનલ લીંક: https://www.facebook.com/SGGULiveWebinar

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અધ્યાપકશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- યુનિવર્સિટી સંલગ્ન તમામ પદવી મેળવનાર વિદ્યાર્થીઓ તરફ જાણ અર્થે.